**ડાયરેક્ટ ❤ સે**

જીતવાની
સૌથી વધારે મજા
ત્યારે આવે છે
જ્યારે
બધા આપણી
હારની રાહ
જોઈને બેઠા હોય છે

## જન્મદિને વધામણી



જયાબેન એમ પ્રજાપતિ
મો. ૯૯૦૯૦ ૦૬૬૩૩



મુળુભા જે મકવાણા
મો. ૯૪૨૮૮ ૦૫૬૨૮



ભાનુબેન ઠક્કર
લાયોનેસ ક્લબ, ગાંધીનગર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આધ્યાત્મિક પ્રતિનિધિ અને નગરસેવક દ્વારા ગાંધીનગર મુક્તિધામની મુલાકાત



ગાંધીનગર, તા. ૨૦

બ્રહ્માકુમારીઝ, સેકટર-૨૮, ગાંધીનગરના સંચાલિકા રાજયોગિની કૈલાશદીદી તથા શહેરના કોર્પોરેટર હર્ષબા ધાંધલે સેકટર-૩૦ ખાતે આવેલ મુક્તિધામની મુલાકાત લીધી હતી. તેઓ મુક્તિધામ ખાતેના બગીચાના લેન્ડસ્કેપીંગ અને રોજબરોજની માવજતથી ખુબ પ્રભાવિત થયા હતાં સાથે સાથે બગીચા ને સુશોભિત કરતાં વિવિધ પક્ષીઓ જોઈને પણ આનંદ પામ્યાં હતાં.

તેમણે મુક્તિધમ ખાતે ફરજ બજાવતાં ભાઈ બહેનો અને તેમના બાળકો ને મળી પરમપિતા શિવ પરમાત્મા તરફથી સૌને આશીર્વાદ અને ખુબ પ્રેમ, શકિત અને કલ્યાણયુક્ત દ્રષ્ટિ આપતાં ગીફ્ટ અને પ્રભુ પ્રસાદ આપેલ. અહીંની લાયબ્રેરીની પણ તેમણે મુલાકાત લઈ ત્યાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને આત્મા, પરમાત્માની સમજ તથા પરમાત્મા પિતાનો દિવ્ય સંદેશ સ્પષ્ટ કરતાં મૃત્યુ અને મુક્તિધામનું રહસ્ય સમજાવ્યું હતું તથા સૌને પ્રભુ પિતાનો પ્રસાદ પણ આપ્યો હતો.

અહીં ઈલેક્ટ્રિક ફરનેસ અને લાકડા દ્વારા થતી અંતિમ ક્રિયા, અંતિમ ક્રિયા માટ પૂરી પાડવામાં આવતી સામગ્રી, સેવકોની ભાતૃભાવના, સહયોગની ભાવના અને નિઃસ્વાર્થ પ્રેમ ભાવથી બંને મુલાકાતીઓ પ્રભાવિત થયાં હતાં. અંતે, ઓફિસની મુલાકાત લેતાં મુકિતધામની માવજત પાછળ અથાગ મહેનત કરનાર જુનીયર સિટિઝન કાઉસીલ તથા તેમના સૌ સભ્યો પ્રતિ અભિનંદન, અભારની લાગણી તેમણે વ્યક્ત કરી હતી.

# એસ જી સ્કૂલમાં ક્રિએટીવ મેકિંગ પ્રવૃત્તિ





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાના ધો- ૫ થી ૮ના બાળકો માટે પેપર કટિંગ કરીને નવી નવી વસ્તુઓ બનાવવાની પ્રવૃતિનું આયોજન થયું હતું. શાળાના વિદ્યાર્થીઓએ આનંદ અને ઉત્સાહથી આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

### મણિબેન એમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે

# વિશ્વ વસતી દિવસની ઉજવણી કરાઈ





એમ પી શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી ખાતે અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વિશ્વ વસતી દિવસ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ભારતમાં વસતી વિસ્ફોટ એક સમસ્યા' વિષયે વસતીનાં જુદાં-જુદાં પાસાં સંદર્ભે કૉલેજની ૩૫ જેટલી વિદ્યાર્થીનીઓએ પોતાના વિચારો અભિવ્યક્ત કર્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પ્રિતી પ્રજાપતિ, દ્વિતિય ક્રમે દક્ષા મકવાણા અને તૃતિય ક્રમે અંજલી દરજી વિજેતા બન્યાં હતાં. દરેક સ્પર્ધકને અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યાં હતાં. અર્થશાસ્ત્ર વિભાગનાં વડા અને કૉલેજનાં આચાર્ય ડૉ. હિનાબેન પટેલ અને અધ્યાપક ડૉ. સંગીતાબેન આચાર્ય, પ્રા. જી આઈ મારૂએ ભારતમાં વસતીની ગંભીર સમસ્યા અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે ગુરુપૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીની ભૂમિ વણઝારા, સૃષ્ટિ પરમાર, વૈભવ દંતાણીએ પોતાનાં વક્તવ્યો દ્વારા ગુરુનો મહિમા ઉજાગર કર્યો હતો. માલતીબેન ભટ્ટે ગુરુપૂજનનું મહત્ત્વ વિદ્યાર્થીનીઓને સમજાવ્યું હતું અને વિદ્યાર્થીનીઓ દ્વારા ગુરુ વંદનાનાં ગીતો ગાવામાં આવ્યાં હતાં. શાળાનાં આચાર્ય પ્રવીણાબેન ચૌધરીએ સૌ વિદ્યાર્થીનીઓને આશીર્વચન પાઠવ્યાં હતાં. આ સાથે શાળા પરિવાર દ્વારા વર્ષાઋતુના આગમનની વધામણી પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીની મનિષા ચંદેલે વર્ષાઋતુનું મહત્ત્વ ઉજાગર કરતું વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું આયોજન શાળાનાં મનોરંજન મંત્રી માલતીબેન ભટ્ટ દ્વારા અને સંચાલન ધરતી પટેલ, વર્ષા ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## સીએ ફાઈનલ અને સીટીપીમાં નગરના વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ

ગાંધીનગર, તા. ૨૦

તાજેતરમાં જાહેર થયેલાં સીએ ફાઈનલ પરીક્ષાનાં પરિણામોમાં ગાંધીનગરનાં બે વિદ્યાર્થીઓ પણ ઉત્તીર્ણ થયાં છે. અરૂણીમા પારસરામકા, જૈમિની ગોસ્વામીએ આ પરીક્ષામાં ઉત્તીર્ણ થવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

ઉપરાં સીપીટીની પરીક્ષામાં ફોરમ ધ્રુવ, હર્ષિલ પટેલ, નિધિ મોઢ અને દૃષ્ટિ ત્રિવેદીએ સફળતા હાંસલ કરી છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બ્રિજેશ ઠક્કર અને નગરના શિક્ષણ જગત તરફથી આ તમામ સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ડિગ્રી આર્કિટેક્ટ માટે ૨૭મી સુધી પીન વિતરણ-રજિસ્ટ્રેશન

ગાંધીનગર, તા. ૨૦

ડિગ્રી આર્કિટેક્ટચરમાં પ્રવેશ માટે આખરે આગામી તા.૨૦મી જુલાઈથી કાર્યવાહી કરવાની જાહેરાત કરવામાં આવી હતી, જે અનુસાર ઓનલાઈન રજિસ્ટ્રેશનનો આરંભ થઈ ગયો છે. વિદ્યાર્થીઓ ૨૭મી જુલાઈ સુધીમાં પીન ખરીદીને આ દિવસોમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

ડિગ્રી આર્કિટેક્ટની અંદાજે ૩૦ જેટલી કોલેજોમાં ૧૭૦૦ જેટલી બેઠકો ઉપલબ્ધ છે. ગત વર્ષ ૧૭૦૦ બેઠકો સામે ૨૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા હતા. છેલ્લા ત્રણ વર્ષથી ડિગ્રી આર્કિટેક્ચરમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આ ધસારાના પગલે રાજયમાં ડિગ્રી આર્કિટેક્ટ કોલેજોનો પણ સતત વધારો થઈ રહ્યો છે. આ વખતે અનેક નવી કોલેજોને મંજૂરી મળે તેમ હોવાથી ડિગ્રી આર્કિટેક્ચરની બેઠકો વધીને ૨ હજાર સુધી થાય તેવી શકયતા છે.

પ્રવેશ સમિતિએ કરેલી જાહેરાત પ્રમાણે તા.૨૭મી સુધી વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવી શકશે. તા. ૨૭મીએ પ્રોવિઝનલ સીટમેટ્રિક્સ ને તા.૨૯મીએ પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરાશે. તા.૨૯મીથી ૩૧મી જુલાઈ દરમિયાન વિદ્યાર્થીઓ મોક રાઉન્ડ માટે ચોઈસ આપવાની રહેશે. જેના આધારે તા.૩ ઓગસ્ટે મોકરાઉન્ડનું પરિણામ જાહેર કરાશે. તા.૪ ઓગસ્ટે ફાઈનલ મેરિટલિસ્ટ જાહેર કરીને તા.૪ થી ૭ દરમિયાન વિદ્યાર્થીઓએ એક્ચ્યુલ રાઉન્ડ માટે ચોઈસ આપવાની રહેશે. તા.૧૧મી ઓગસ્ટે વિદ્યાર્થીઓને મેરિટના આધારે કોલેજની ફાળવણી કરવામાં આવશે. તા.૧૧મીથી ૧૬મી સુધી વિદ્યાર્થીઓએ બેંકમાં ફી ભરવાની રહેશે.


# ભારતમાં માનવ સંસાધન વિભાવના વિકાસથી વિમુખ

ભારતની ધરતીને બહુરત્ના વસુંધરા કહેવામાં આવી છે. અહીં વસતી, વ્યવસ્થા, માન્યતા, રીતિ, રિવાજોની અંદર જે વિવિધતા છે એ જોઈને અન્ય રાષ્ટ્રોને પણ આશ્ચર્ય થાય છે કે આટલો વિશાળ દેશ વિસ્તૃત વૈવિધ્ય સાથે પણ એકતા જાળવી આગળ વધી રહ્યો છે. અલબત્ત ઐક્ય અને અખંડતા બનાવી રાખવાની કિંમત હવે દેશને ચૂકવવી પડે છે. દેશ પ્રજાથી વત્તા પ્રશાસનની નીતિથી બને છે.

આબાદી વધે તો દેશ તાકાતવાન બની શકતો નથી પરંતુ આ આબાદીને જરૂરી જીવન નિર્વાહ માટે કાર્ય પૂરું પાડવાથી એ પ્રજામાં રાષ્ટ્રપ્રેમ અને ઐક્યની ભાવના પ્રગટતી હોય છે. રોટી, કપડાં અને મકાન જીવનની પ્રાથમિક જરૂરિયાતમાં સરકારની પવિત્ર ફરજ હોય છે કે દેશની જનતા એનાથી વંચિત ના રહે. પ્રવર્તમાન પ્રશાસન રહેણાંક માટે ખૂબ જ મોટાં આયોજનથી કાર્યરત છે. પ્રધાનમંત્રી આવાસ યોજના તેનું જ દૃષ્ટાંત છે. લઘુ અને કુટિર ઉદ્યોગો માટે વિવિધ યોજનાઓ ચાલી રહી છે. તેમાં ગૅરન્ટરની કે કોલેટરલ સિક્યુરિટીની પણ બૅન્ક ડિમાન્ડ કરતી નથી. અર્થાત સરળ રીતે નાણાં ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. અત્રે જે મૂળ ચર્ચા કરવાની છે તેમાં માનવ સંસાધન પરત્વે જે અભિગમ દેશમાં પ્રવર્તે છે તેમાં ભારોભાર અસમાનતા, નકારાત્મકતા અને વિઝનની કમી દેખાઈ રહી છે. સરકારી ક્ષેત્ર હોય, પ્રાઈવેટ સૅક્ટર હોય કે સહકારી ક્ષેત્ર હોય - દરેકમાં માનવ એ ઉત્પાદનના ચાર મહત્ત્વનાં અંગો પૈકીનું એક જીવંત, સંવેદનશીલ અંગ છે. આ વાસ્તવિકતાની ઉપેક્ષા કરવામાં આવે છે. સંગઠિત ક્ષેત્ર અને અસંગઠિત ક્ષેત્ર એ બંનેમાં સંગઠન જ્યાં છે તે ક્ષેત્રના લોકો પોતાનો અવાજ વહીવટકર્તા સુધી પહોંચાડી શકે છે જ્યારે છૂટાછવાયા શ્રમિકો માટે આ બાબત વિચારવામાં પણ કદી આવતી નથી. દરેક ક્ષેત્રમાં ટોચના વહીવટી સ્તરે હ્યુમન રિસોર્સિસ ડિપાર્ટમેન્ટ (એચઆરડી) કાર્યરત હોય જ છે. પરંતુ આ વિભાગમાં એચ આર સિવાયનાં કામો વધુ થાય છે.

એચઆરના કાર્યક્ષેત્રમાં કર્મચારીની નિમણૂંક એટલે કે નવી ભરતી, કાર્યનું સતત મૂલ્યાંકન, બઢતી, નવી તકો માટે કાર્યપ્રથામાં માનવશ્રમની જરૂરિયાતોનું આયોજન અને છટણી વગેરેનો મહદંશે સમાવેશ થતો હોય છે. દેશમાં એચઆરની જે વિભાવના વ્યાપી રહી છે તેમાં પાયામાંથી જ ચિંતાકારક તત્ત્વો જોવા મળી રહ્યાં છે. જેમ કે ભરતીમાં પારદર્શિતાનો અભાવ, નક્કર નીતિની કમી, કાર્યપધ્ધતિમાં સમાન નીતિની કમી, સ્થાપિત હિતોનું પ્રભુત્વ, ગુણવત્તાને અવગણવી, પક્ષપાત, કાનૂની જોગવાઈ પરત્વે ધ્યાન ના આપવું વગેરેનો સમાવેશ થાય છે. એટલે રાઈટ મૅન ફોર ધી રાઈટ પોસ્ટના આદર્શનું કમોત થાય છે. વાર્ષિક કાર્ય મૂલ્યાંકનના વિષયમાં કોઈ સ્પષ્ટ પારદર્શક પધ્ધતિ જોવા મળતી નતી. તદુપરાંત મૂલ્યાંકન કરનાર એકમ કે અધિકારીના પૂર્વગ્રહ, માન્યતા, લાલચ, સ્વભાવ વગેરે પણ અસરકર્તા પરિબળ તરીકે જોવા મળે છે. વાસ્તવિક દૃશ્યનું અવલોકન કરીએ તો જોવા મળે કે ભારતમાં સાચી પ્રશંસા કરનારાઓ પણ કમ થઈ ગયા છે. બીજું, કાર્યભાર વહેંચણીમાં પણ બેદરકારી, ભેદભાવ, દબાણ, લાલચ, અન્યાય જેવાં પરિબળો વ્યાપક છે. ત્રીજું, જ્યારે બઢતી આપવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે પણ લાયકાતની વ્યાખ્યા કે પૂરતી યોગ્યતામાં શું શું આવે તેની સૂચિ વિચારવાની કમી, પધ્ધતિની પણ કમી, કાર્યમૂલ્યાંકનની કચાશ, અન્ય સહાયક પક્ષોનો ચંચુપાત કે દખલગીરી વગેરે સ્પષ્ટ જોવા મળે છે. આ બધાંના લીધે ખૂબ યોગ્યતા-ધારક શ્રમિક કે કર્મચારી બઢતીથી દૂર જતો રહે છે. બહુ મોટી કંપની કે સરકારી ક્ષેત્રમાં બઢતીની મોટી યોગ્યતા સદૈવ 'યસ સર'નો અભિગમ હોય તેવું લાગે છે. મતલબ કે મૌલિક અભિપ્રાય કે મંતવ્યની સચ્ચાઈમાં કોઈને રૂચિ હોતી નથી. કારણ કે હવે લક્ષ્યાંકોની પ્રાપ્તિ એટલે યુદ્ધ લડવા જેવું, તેમાં આદેશોનું પાલન જ આવે, નહીં કે ચર્ચા. આ પ્રકારના માહોલથી પૂરો દેશ પીડિત છે. પ્રામાણિક અને નિષ્ઠાવાન કર્મચારીઓનું મૌન ઘણું હાનિકારક બની જાય છે. શ્રમિક ઝંખે છે પોતાનું સ્વમાન, કામની યોગ્ય નોંધ, સારા કાર્યની પ્રશંસા, બઢતીના સ્વરૂપમાં જે તંત્રની હૂંફ અને ફરીથી યોગ્ય ફરજની સોંપણી. આ ક્રમ જળવાતો નથી એટલે કામદારોમાં ઉદાસિનતા તથા હતાશા પ્રવર્તે છે.

જાહેર જનતાને તો બધી જ ખબર હોય છે પરંતુ જે તે વિભાગ માનવ સંસાધનને યોગ્ય રીતે મૂલવવામાં, પ્રોત્સાહન આપવામાં જ્યારે નિષ્ફળ જાય છે ત્યારે શ્રમિકોનું હકારાત્મક વલણ પણ વિકૃત થઈ જાય છે. શ્રમ એ ઉત્પાદનના અન્ય વિવિધ અંગો જેવાં કે જમીન, મૂડી, નિયોજનને યોગ્ય રીતે ગોઠવે અને ચલાવે છે. ઉપરાંત તે જીવંત એકમ હોવાથી સંવેદનશીલ તત્ત્વ છે. આટલી વાત પણ એચઆર વિભાગ યાદ રાખવા તૈયાર નથી. એટલે જ ઘણા સરકારી નિગમો ખોટમાંથી બહાર આવતા નથી અથવા સુધારણા થઈ શકતી નથી. દરેક શ્રમિકના ગુણો-અવગુણો આધારિત તેને વિકાસની પ્રક્રિયામાં જોડવાનું મૂળ કામ એચઆરડીનું છે. શ્રમિકોનાં વેતનમાં પણ કાર્ય મુજબ ન્યાયની દૃષ્ટિથી તે નક્કી થવું જોઈએ ત્યાં ભેદભાવ માત્ર અજંપો સર્જે છે. માનવનું શ્રમિક તરીકે સમગ્રપણે પ્રગટવું વિસ્તરવું અને વિકસવું એ માનવ સંસાધનના પ્રબંધનનો મૂળ ઉદ્દેશ છે.





**શેર આસ્વાદ**

દુખ વગર, દર્દ વગર, દુખની
કશી વાત વગર, મન વલોવાય છે
ક્યારેક વલોપાત વગર

(અમૃત ઘાયલ)

# રાજ્યની કચેરીઓમાં જીએસટી માટે હેલ્પ ડેસ્ક તૈયાર કરાયા

ગાંધીનગર, તા. ૨૦

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એકટનો અમલ શરૂ થઈ ગયો છે તેમ છતાં ઘણા વેપારીઓ અને અને કરદાતાઓને જીએસટીના મુદે ગૂંચવણ થઈ રહી હોવાથી વાસણા સ્થિત GST તાલીમ શાળા ખાતે આવા લોકો GST અંગેની તાલીમ લઈ શકે તેવી વ્યવસ્થા કરાઈ છે. જો કે વેટ કમિશનર પી.ડી.વાઘેલા અને એક્સાઈઝ કમિશનર અજય જૈન દ્વારા માર્ચ મહિનાથી જુદા જુદા સંગઠનો અને ચેમ્બર ઓફ કોમર્સની મદદથી GST અંગેની જાગૃતિ માટેના કાર્યક્રમોની શરૂઆત કરાઈ હતી. તેમના દાવા મુજબ માર્ચથી જુલાઈ દરમિયાન વેટ અને એક્સાઈઝ વિભાગ દ્વારા ૩૬૯ જેટલા GST જાગૃતિના આઉટરીચ પ્રોગ્રામ કરીને કુલ ૮૧ હજારથી વધુ મંડળો, એનજીઓ અને કરદાતાઓને જીએસટી અંગેની સમજ આપવામાં આવી છે. GST થી વેપારીઓ માહિતગાર થાય તેના માટે રાજ્યભરમાં આવેલી વેટ અને એક્સાઈઝની ઓફિસો પર હેલ્પ ડેસ્ક શરૂ કરાયા છે. અમદાવાદ અને સુરત ખાતે ચેમ્બર ઓફ કોમર્સ ખાતે GST માટેના હેલ્પ ડેસ્ક શરૂ કરાયા છે. અમદાવાદ ચેમ્બરે તો GST કમિટીની પણ ખાસ રચના કરી છે. ડિપાર્ટમેન્ટ દ્વારા GST અંગેની જાગૃતિની માટે કાયદા, નિયમો અંગેની લિંક મૂકાઈ છે. સોશિયલ સાઈટ્સ પર પણ GST અંગેનો પ્રચાર કરાઈ રહ્યો છે.

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'મારું પ્રિય પુસ્તક'**